**કામિની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**

નં.સા.ઈ.ઝોન/આઉટવર્ડ/૫૫૨૧

# <u>સંમતિપત્ર</u>

તારીખ : ૦૮/૦૯/૨૦૨૬

**પ્રતિ,**

..............................................

..............................................

..............................................

**વિષય :–** સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં આવેલ પ્રિ.ટી.પી. સ્કીમનં.૪૧ (ડીંડોલી), ડ્રા.ટી.પી. સ્કીમનં.૬૧ (પરવટ–ગોડાદરા), ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૨(ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ), ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૯ (ગોડાદરા–ડીંડોલી) ના હદ વિસ્તારમાં રસ્તા એલાઈમેન્ટ, રીઝર્વેશન પ્લોટ, ખાનગી મિલ્કતોના મિલ્કતધારક ધ્વારા કરવામાં આવેલ અનધિકૃત બાંધકામોના ડિમોલીશન/દબાણ દુર કરવાનું કામ

**સંદર્ભ :–** સ્થાયી સમિતિ, સુરત મહાનગરપાલિકા ઠરાવ નં.૧૮૦૨/૨૦૨૫, તા.૨૬/૦૯/૨૦૨૫થી મંજુર થયેલ યુનિટ રેઈટ ના ભાવો મુજબ.

**મહાશય,**

ઉપરોકત વિષયનું કામ તેમજ સંદર્ભ દર્શિત વિગતથી મંજુર યુનિટ રેઈટના ભાવો, શરતો અને સ્પેશીફીકેશન મુજબ કરવામાં આવનાર છે. આ કામ કરવા માટે તમો રસ ધરાવતા હોય, તો ડિમોલીશન/દબાણ ની કામગીરીની રકમ રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદાની રકમના કામ માટે ભરવાપાત્ર અર્નેસ્ટમની ડીપોઝીટની (EMD)ની રકમ રૂા.૫,૦૦૦/– સાથેનું તમારૂ સંમતિપત્ર તા.૧૫/૦૯/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારને પહોંચતું કરવા ઘટતુ કરશો તથા સરકારશ્રીના પ્રવર્તમાન તથા વખતો વખત બદલતા GST અંગેના નિયમો બંધનકર્તા રહેશે.

ઉપર જણાવેલ કામ અંગે સંમતિપત્રો ઈ.એમ.ડી. (ચેક, પે ઓર્ડર, ડીમાન્ડ ડ્રાફટથી), રજીસ્ટ્રેશનની તથા સોલવંશી સર્ટી ની પ્રમાણિત નકલ વિના માન્ય રાખવામાં આવશે નહિ. જેની નોંધ લેશો.

**<u>–: શરતો :–</u>**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટ (EMD) ની રકમ કમિશનર શ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાકટ/પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂ. ૫,૦૦૦/–ની આપવાની રહેશે.
૨. ઈજારદારે 'ઈ–૨ વર્ગ' રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા. ૧,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.
૫. ઈજરદારે સમાન પ્રકારના કામ પૂર્ણ કર્યા અંગેના અનુભવના પ્રમાણપત્ર (Form-3A) ની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.
૬. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૭. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.
૮. ઈજરદારે તમામ ડોકયુમેન્ટની સક્ષમ સત્તા ધ્વારા પ્રમાણિત કરેલ નકલો રજુ કરવાની રહેશે.
૯. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.
૧૦. તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા ટેક્ષ સંબંધિત કાયદાઓનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૧૧ કામદાર પાસે સેફટી હેલ્મેટ, સેફટી જેકેટ, સેફટી શૂઝ, સેફટી બેલ્ટ, સેફટી ગ્લોવ્સ વગેરે હોવા જોઈએ અને તેણે ડિમોલિશન એકિટવિટી દરમિયાન આ બધી એકસેસરીઝ વપરાશમાં લેવાની રહેશે.
૧૨. ડિમોલિશન કામગીરી શરૂ કરતા પહેલા કોન્ટ્રાકટરે બેરિકેડિંગ કરવાનું રહેશે તેમજ જાહેર જનતા અને ટ્રાફિકની સલામતી જાળવવાની મુખ્ય જવાબદારી કોન્ટ્રાકટર/બિડરની રહેશે.
૧૩. ડિમોલિશનના કામ દરમિયાન કોન્ટ્રાકટરે આ પ્રકારના કામ માટે શારીરિક રીતે યોગ્ય અને કુશળ કામદારોની નિમણૂક કરવાની રહેશે.
૧૪. કોન્ટ્રાકટરે ડિમોલિશનના કામ માટે લીધેલ તમામ કામદારો માટે વર્કમેન કંમ્પન્સેશનની નીતિ લેવી પડશે અને તેના ધારા ધોરણો મુજબ વીમા પોલિસી લીધા વિના કોઈ ચુકવણી આપવામાં આવશે નહીં.

-sd-

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**